## (C - 54)
## વિચરંતા વીશ જિનને

(વીરકુંવરની વાતડી કેને કહિયે–રાગ)

વિચરંતા વીશ જિનને વંદું ભાવે,
હાંરે એ તો સાક્ષાત જિનવર બિરાજે;
હાંરે એ તો અમીરસ ફૂલડાં વરસાવે,
હાંરે ઝટ દેખું જિનવૃંદ.....વિચરંતા. ૧

ધન્ય વિદેહના માનવી ચરણ સેવે,
હાંરે ગગને ઈંદ્રોનાં ટોળાં ઉભરાયે;
હાંરે અહોનિશ આનંદ મંગળ વરતાવે,
હાંરે વીતરાગી જયકાર....વિચરંતા. ૨

પાંચ વિદેહની અદ્દ્ભુત એવી શોભા,
હાંરે જીહાં વિચરંતા વીશ દેવા;
હાંરે ગણધર મુનિવર કરે જસ સેવા,
હાંરે દેખું ધન્ય એ દૃશ્ય. વિચરંતા. ૩

વિદ્યાચરણ જંઘાચરણનાં ટોળાં ઊતરે,
હાંરે સર્વે મુનિવરો પ્રભુધ્વનિ સુણે;
હાંરે કોઈ કોઈ કેવળજ્ઞાની બની જાવે,
હાંરે કોઈ થાવે સિદ્ધ ભગવંત..વિચરંતા. ૪

હે વીશ જિનવર કૃપાળુ કૃપા કીજો,
હાંરે જેમ ગણધર મુનિવર ઈંદ્રો;
હાંરે જેમ ચરણમાં શરણે રાખો છો,
હાંરે તેમ મુજ રાખો દેવ....વિચરંતા. ૪